ગુજરાતનો મહાસંગ્રામ 2012

મોંઘવારી અને ભ્રષ્ટાચાર માટે જવાબદાર કોંગ્રેસ છે તે ગુજરાતની પ્રજાને ભુલાવી શકાશે નહીં

ગાંધીનગર, તા. ૧૧

ભાજપના પ્રદેશ પ્રવક્તા શ્રી આઈ.કે. જાડેજા અને રાજ્યસભાના સાંસદ શ્રી મનસુખભાઈ માંડવીયાએ ગુજરાતની ધરતી પર તમામ ગુજરાતવાસીઓ દિવાળીના મહાપર્વની ઉજવણીમાં જ્યારે તન્મય થયેલા છે, ત્યારે ગુજરાતના અને કેન્દ્રના કોંગ્રેસના નેતાઓએ વાણી-વિલાસના વિક્રમ સર્જીને ગુજરાતની ગરિમા અને ગૌરવને તેમજ અંધકારથી ઉજાસના મહાપર્વને કલૂષિત કરવાના પેંતરા રચીને પ્રજાજનોને ગુમરાહ કરવાનું કૃત્ય આચર્યું છે તેની સખ્ત શબ્દોમાં ઝાટકણી કાઢી છે.

ગુજરાતના ગૌરવને હણનાર કોંગ્રેસને ડિસેમ્બર માસમાં ગુજરાતમાં યોજાનારા ચૂંટણીના મહાપર્વે સણસણતો તમાચો મારી 'કમળ' સામેનું બટન દબાવી ગુજરાતના અપમાનનો બદલો લેવા ગુજરાત વાસીઓને અપીલ કરી છે.

તેઓએ જણાવ્યું છે ગુજરાત મહાત્મા ગાંધીનું, એકતા અને અખંડિતતાના પ્રહરી સરદાર વલ્લભભાઈ પટેલનું, આધ્યાત્મિક ચેતનાના જ્યોતિર્ધર સ્વામી દયાનંદ સરસ્વતીનું છે તો ગુજરાતની સમગ્ર વિશ્વમાં આગવી ઓળખ ઉભી કરનાર શ્રી નરેન્દ્રભાઈ મોદીનું છે તે કેન્દ્રના વાણી-વિલાસમાં રાચતા અણઘડ નેતાઓ મિટાવી શકતા નથી. કેન્દ્રની અને ગુજરાતની આખીયે કોંગ્રેસ નરેન્દ્ર મોદી નામ સાંભળી ઉંઘમાંથી સફાળી જાગી જાય છે તે ગુજરાત રાજ્યના પ્રજાજનો સમજે છે.

તેઓએ વધુમાં જણાવ્યું છે કે કાશ્મિરની ધરતી પર શ્રીનગરના લાલચોકમાં તિરંગો ઝંડો ફરકાવનાર અને આંતકવાદીઓને પડકારનાર, આતંકવાદ સામે રાષ્ટ્રવાદને મજબૂત કરનાર, એકતા અને અખંડિતતાની જાળવણી માટે ઝઝૂમનાર શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરખામણી દેશની ધરતી પર આતંકવાદી શક્તિઓને પોષવાનું કાર્ય કરનાર દાઉદ ઈબ્રાહીમ સાથે કરનાર મણિશંકર ઐયર તમારા પાપનો અને અજ્ઞાની ઉચ્ચારણનો હિસાબ ગુજરાતની પ્રજા ૨૦ ડિસેમ્બરે ચૂકતે કરી દેશે અને ગુજરાતની કોંગ્રેસની આબરૂનું લિલામ થઈ જશે તે ભૂલશો નહી.

તેઓએ વધુમાં જણાવ્યું છે કે રામાયણના જ્ઞાની હોવાનો આડંબર કરતા અને હડકવાનો રોગ લાગી ગયેલા છે તેવા અર્જુન મોઢવાડીયા આદરણીય અને માનનીય મુખ્યમંત્રી શબ્દોના ઉચ્ચારણમાં આવી ગયા છે અને હજુયે આ પ્રકારની હડકવાની વાણી ઉચ્ચારશે તો પોરબંદરના પ્રજાજનો આગામી ચૂંટણીમાં તેમને પરસેવો પડાવી દેશે. પોરબંદર વિશ્વને વાણી, વર્તન અને વ્યવહાર દ્વારા નવી જ ઉંચાઈઓ આપનાર મહાત્મા ગાંધીની ભૂમિના પાણીને લજવનાર મોઢવાડીયાને આગામી ચૂંટણીમાં પોરબંદરના પ્રજાજનો પાણી પીતા કરી દેવાના છે.

કોંગ્રેસના જન વિજય નિર્ધાર મહાસંમેલનની સાથે સાથે

- ચુંટણી પંચની બે ટીમો દ્વારા સભાનું વિડીયો રેકોર્ડીંગ કરાવ્યું.
- સભામાં જનમેદની હાજર રહી.
- સભામાં સંદિપ દિક્ષીણ, ભરતસિંહ સોલંકી, નરહરી અમીન, આનંદ શર્મા, જગદીશ ઠાકોર સહિત પ્રદેશના અન્ય નેતાઓ ઉપસ્થિત રહ્યા હતાં.
- નેતાઓના ભાષણપૂર્વે જિલ્લાના આગેવાનો સાથે મંચની બાજુમાં નરહરી અમીને ચર્ચા કરી.
- શહેર પ્રમુખ મુકેશ પટેલ, રજનીભાઈ પટેલ, સી.જે. ચાવડા, નિશિત વ્યાસ દ્વારા કાર્યકર્તાઓનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું.
- વકતાઓનું સ્વાગત બાલિકાઓ દ્વારા કુમકુમ તિલકથી જ્યારે આગેવાનો દ્વારા સુતરની આંટી પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું.
- સંદિપ દિક્ષિણ બોલ્યા હતા કે હું ગુજરાતનો જમાઈ છું.
- આનંદ શર્મા બોલ્યા કે ગુજરાતમાં ડ્રોપ આઉટ રેશીયો સૌથી વધુ.
- નરહરી અમીન બોલ્યા કે ભય, સુખ અને ભ્રષ્ટાચાર એજ ભાજપની નેમ.
- પીવાના પાણીની વ્યવસ્થા ન હોવાથી કાર્યકરોની ભુમ પડી.
- કાઉન્સીલરોને વિશેષ જવાબદારી સોંપવામાં આવી હતી.
- સભામાં ૧૦૦ વધુ પોલીસ જવાનો હાજર રહ્યા હતા.
- સભા દરમિયાન વાહનોનું પાર્કિંગ રોડ ઉપર કરવામાં આવ્યું હતું.
- કોંગ્રેસ દ્વારા સભા દરમિયાન આચારસંહિતાનો ભંગ ન થાય તે માટે સભાના સિમિત વિસ્તારમાં જ પાર્ટીના ધ્વજ, બેનર લગાવવામાં આવ્યા હતા.
- કોંગ્રેસ નેતાઓ સભા સ્થળે ખેસ પહેર્યા વગર આવ્યા હતા સભા સ્થળે કાર્યકર્તાઓએ ખેસ પહેરાવ્યા.
- બે અધિકારીઓ અને વોર્ડ નં. ૩ના કાર્યકર્તા મળી કુલ ૩૦૦ થી વધુ યુવાનો કોંગ્રેસમાં જોડાયા.

ગુજરાત પરિવર્તન પાર્ટીની ટીકીટ મેળવવા ટીકીટ વાંચ્છુઓના ધાડેધાડાં ઉમટ્યાં

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત વિધાનસભા ચૂંટણી માટે ગુજરાતમાં નવા સ્થપાયેલા ગુજરાત પરિવર્તન પાર્ટીમાં ટીકીટ મેળવવા માટે વાંચ્છુઓના ધાડા ઉમટયા છે.

ગુજરાત ભાજપના વરિષ્ઠ નેતા કેશુભાઈ પટેલે વર્તમાન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સાથે નારાજગી વ્યકત કરીને ભાજપ સામે જંગ છેડયો હતો. ભાજપ મોવડી મંડળે તેમની રજુઆતોને ધ્યાને ન લેતા આખરે કેશુભાઈ પટેલે ભાજપ પક્ષમાંથી રાજીનામું આપીને ગુજરાતમાં પરિવર્તન પાર્ટીની સ્થાપના કરીને પ્રજાને ત્રીજો વિકલ્પ આપ્યો છે.

વિધાનસભા ચૂંટણી પૂર્વે જ ભાજપના વરિષ્ઠ નારાજ કેશુભાઈ પટેલે ભાજપ સાથે છેડો ફાડીને નવો પક્ષ રચતાં ગુજરાતમાં ત્રીજા મોરચાએ જન્મ લીધો છે.

ડિસેમ્બરમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીમાં ગુજરાત પરિવર્તન પાર્ટી તમામ ૧૮૨ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખનાર છે. આ માટે પક્ષ દ્વારા ઉમેદવાર પસંદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

ગુજરાત પરિવર્તન પાર્ટીમાંથી ટીકીટ મેળવવા માટે ટીકીટ વાંચ્છુઓએ દોડ લગાવી છે જેના કારણે પરિવર્તન પાર્ટીના કાર્યાલય પર લોકોની ભીડ જામવા લાગી છે.

આજે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતની વિધાનસભા બેઠકો માટે ટીકીટ મેળવવા માટે ટીકીટ વાંચ્છુઓ ટેકેદારો સાથે મોટી સંખ્યામાં ઉમટી પડયા હતાં. જેના કારણે અમદાવાદ ખાતે આવેલા પક્ષના કાર્યાલયમાં લોકોની ભારે ભીડ લાગવા પામી હતી એટલું જ નહીં માર્ગો પર પણ વાહનો મુકવાની જગ્યા ન મળે તેટલા વાહનોની લાઈનો લાગી હતી

આ વખતે ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ત્રીજા મોરચા તરીકે ગુજરાત પરિવર્તન પાર્ટી ખૂબ જ મહત્વની ભૂમિકા નિભાવશે. ગુજરાત પરીવર્તન પાર્ટી ૧૮૨ વિધાનસભા બેઠકો પર પોતાના ઉમેદવારો ઉભા રાખનાર છે ત્યારે આગામી ચૂંટણીમાં મોટા ભાગની બેઠકો પર ત્રિપાંખીયો જંગ જામશે. ગુજરાત પરિવર્તન પાર્ટી તમામ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખનાર છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષ માટે આ વખતે કપરા ચઢાણ બનશે.

જીપીપી પ્રથમ તબક્કાની ચૂંટણી માટે ૮૫ બેઠકો માટેના ઉમેદવારોની પ્રથમ યાદી ૨૦મીના રોજ જાહેર કરે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

ગુજરાતની તમામ વિધાનસભાઓમાં ભાજપાના નૂતન વર્ષના સંમેલનો

'એકમત ગુજરાતનો નારો કોંગ્રેસને ગામે-ગામથી કાઢો' ગુંજતો થશે

ગાંધીનગર, તા. ૧૧

ભાજપ ગુજરાત રાજ્યની ૧૩ તેમજ ૧૭ ડિસેમ્બરના રોજ યોજાનારી વિધાનસભાની ૧૮૨ બેઠકોની ચૂંટણીમાં મહત્તમ બેઠક પર વિજય મેળવવાના લક્ષ્યાંક સાથે દિવાળીના અંધકારમાંથી ઉજાસ તરફ લઈ જતા પર્વની ઉજવણી બાદ પ્રારંભ થનારા નૂતન વર્ષે રાજ્યની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકોમાં નૂતનવર્ષના સંમેલનો યોજાશે તેમ ભાજપાના મીડીયા ઈન્ચાર્જ ડૉ. જગદીશ ભાવસારે એક યાદીમાં જણાવ્યું છે.

તેઓએ જણાવ્યું છે કે તા. ૧૪ નવેમ્બરથી ૧૮ નવેમ્બર દરમ્યાન સમગ્ર રાજ્યમાં વિધાનસભા દીઠ યોજાનાર આ નૂતનવર્ષ સંમેલનોમાં હજારોની સંખ્યામાં બુથ અને ગ્રામ્ય સ્તર સુધીના કાર્યકરો ઉપસ્થિત રહેશે. નૂતન વર્ષની શુભેચ્છાઓની આપ-લે સાથે 'એકમત ગુજરાત'નો નારો ગુજરાત વિરોધી 'કોંગ્રેસને ગામે-ગામથી કાઢો' ગુંજતો કરીને વિધાનસભાની ચૂંટણીના પ્રચારના શ્રી ગણેશ કરશે.

તેઓએ વધુમાં જણાવ્યું છે કે સમગ્ર રાજ્યમાં પાંચ દિવસમાં આ સંમેલનો પુરા કરાશે. મોંઘવારી, ભ્રષ્ટાચાર, ગુજરાતને અન્યાય તેમજ કોંગ્રેસના વાણી-વિલાસ સામે વિકાસ અને નેતૃત્વના મુદ્દાને આ સંમેલનોના માધ્યમથી લોકો સુધી પહોંચાડાશે અને કોંગ્રેસને પરાસ્ત કરવા પરિશ્રમશીલ થવા નેતાઓ અને મહાનુભાવો કાર્યકરો અને શુભેચ્છકોને આહવાન કરશે.

કોંગ્રેસમાં ઉમેદવાર જાહેર થયા બાદ અસંતોષનું મોજું ફેલાશે

અમદાવાદ, તા.૧૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે ભાજપ-કોંગ્રેસ સહિત તમામ પક્ષોએ ઉમેદવારોની પસંદગીની કવાયત હાથ ધરી છે. જેમાં ભાજપ અને કોંગ્રેસમાં ટિકિટ મેળવવા દાવેદારોની સંખ્યા વધુ છે. બન્ને પક્ષોમાં જેમને ટિકિટ નથી મળી એવા દાવેદારોમાં અસંતોષની ચીનગારી પુજજવલિત થશે. ભાજપ પાસે ડેમેજ કન્ટ્રોલ સિસ્ટમ છે એટલે પ્રદેશના આગેવાનો દોડીને અસંતોષને ડામી દેશે પરંતુ કોંગ્રેસ ખાતે ડેમેજ કન્ટ્રોલ સિસ્ટમ જ નથી આથી ઉમેદવારોની પસંદગીનું લીસ્ટ જાહેર થયા બાદ કોંગ્રેસમાં અસંતોષ વ્યાપક રીતે ઉભરી આવે એવી શક્યતા છે.

સૂત્રોના જણાવ્યા મુજબ કોંગ્રેસમાં મોટાભાગની બેઠકો પર દાવેદારોની સંખ્યા ખૂબજ વધુ છે. એટલે કોઈ એકને ટિકિટ મળશે એટલે જે તે બેઠકોના બાકીના દાવેદારો પોતાના પક્ષના જ સ્પર્ધકને હરાવવા મેદો પડશે. આવુ દર વખતે થતું હોવા છતાંયે કોંગ્રેસમાં ડેમેજ કન્ટ્રોલ માટેની કવાયત હાથ ધરતી જ નથી. ઉમેદવારોનું લીસ્ટ જાહેર થતાં જ પ્રદેશના નેતાઓ ભૂગર્ભમાં જતાં રહે છે. અને અસંતુષ્ઠોને સમજાવવાવાળું કોઈ જ હોતું નથી. અમદાવાદની દાણીલીમડાં બેઠક પર ધારાસભ્ય શૈલેષ પરમાર સહિત અડધો ડઝન જેટલાં પ્રબળ દાવેદારો છે. રાધનપુરમાં રઘુભાઈ દેસાઈ અને ભાવસિંહ રાઠોડ વચ્ચે ટિકિટ મેળવવા મરણિયા પ્રયાસો ચાલી રહ્યા છે.

મૂછ નહી હોવા અંગે કહેલું કે ગુજરાતનું શાસન મુછથી નહી બુદ્ધિથી ચાલે

કોઈપણ હડતાલને સિફતથી દાબી દેવામાં અમરસિંહ માહિર હતા

અનામતના તોફાનો રિબેરોને મૂકીને બંધ કરાવ્યા : સતત ત્રણ દુષ્કાળમાં સૌરાષ્ટ્રમાં પાણી પહોંચાડી સરાહનિય કામગીરી કરી

॥ નવમો મણકો ॥

માધવસિંહ સોલંકીના અનુગામીની પસંદગી માટે ભારતના ત્યારના સંરક્ષણ મંત્રી અને પાછળથી ભારતના -ધાનમંત્રી બનનાર વી.પી.સિંગ ગાંધીનગર ખાતે આવ્યા હતા. મુખ્યમંત્રીના ઉમેદવારોમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ નટવરલાલ શાહનું નામ મોખરે હતું. ફટ્ટી જુલાઈ-૧૯૮૫ના રોજ વિધાનસભાના કોંગ્રેસ પક્ષના બેઠક ખંડમાં કોંગ્રેસપક્ષના સભ્યોની બેઠક રાખવામાં આવી હતી.

અધ્યક્ષ કરસનદાસ સોનેરીને જરૂર પડે રાજીનામું સ્વિકારવા માટે હાજર રાખવામાં આવ્યા હતા. જયાં સુધી કોંગ્રેસ પક્ષની બેઠકમાં સર્વાનુમતે નટવરલાલ શાહનું નામ પસંદ ન થાય ત્યાં સુધી તેઓએ પક્ષની બેઠકમાં જવું જોઈતું ન હતું. પરંતુ શાહે બેઠકમાં જવાનું પસંદ કર્યું તે તેમની ભૂલ હતી. માધવસિંહ સોલંકી એક વિચક્ષણ પુરુષ હતા. તેઓએ આ અંગે પક્ષની બેઠકમાં જાહેર ચર્ચા ન કરતાં પોતાની પસંદગી અમરસિંહ ચૌધરીની છે તેમ હાઈકમાન્ડને ફોન પર જણાવી દીધું હતું.

ફરીથી એક વાર અમરસિંહ ચૌધરી સામે કોંગ્રેસ પક્ષમાં આંતરિક વિરોધ વધતાં તેમના સ્થાને નવા નેતાની પસંદગીનો ઁ ઉપસ્થિત થયો અને અધ્યક્ષ નટવરલાલ શાહનું નામ અગ્રસ્થાને આવ્યું. આ અંગે સમાચારપત્રમાં પણ હેડીંગ આવ્યાં અને તેમના નામની નેતા તરીકે જાહેરાત થવામાં હતી ત્યાં માધવસિંહ સોલંકીનું નામ ઉપસી આવ્યું. ફરી એકવાર નસીબે નટવરલાલ શાહને યારી આપી નહી. ૯મી ડિસેમ્બર-૧૯૮૯ના રોજ અમરસિંહ ચૌધરીએ રાજીનામું આપતા ૧૦મી ડિસેમ્બર-૧૯૮૯ના રોજ માધવસિંહ સોલંકીની મુખ્યમંત્રી તરીકે વરણી થઈ હતી. વિધાનસભાના સભ્ય ન હોય તેવા તેઓ બીજા મુખ્યમંત્રી બન્યા અને તેઓ રાજયના ચોથી વાર મુખ્યમંત્રી બન્યા હતા. હજી સુધી કોઈ વ્યકિત ચાર વખત મુખ્યમંત્રી બનેલ નથી.

અમરસિંહ ચૌધરી ગુજરાતના આઠમા મુખ્યમંત્રી બન્યા હતા તથા તેમનું -ધાન મંડળ ગુજરાતનું ૧૪મું મંત્રીમંડળ હતું. ભારતમાં સૌથી નાની વયે રાજસ્થાનના મોહનલાલ સુખડિયા મુખ્યમંત્રી બન્યા હતા ત્યારપછી નાની ઉંમરે મુખ્યમંત્રી બનનાર અમરસંહિ ચોધરી કદાચ બીજી વ્યકિત છે. મુળ સિવિલ એન્જિનિયરીંગ એવા અમરસિંહ ચૌધરી ભારતમાં તથા ગુજરાતમાં -થમ આદિવાસી મુખ્યમંત્રી બન્યા હતા.

અમરસિંહ ચૌધરીની સંસદીય કારકિર્દી ચોથી ગુજરાત વિધાનસભામાં ૧૯૭૨થી શરૂ થઈ હતી. તેઓ ૧૯૭૨માં ઘનશ્યામભાઈ ઓઝાની સરકારમાં જાહેર બાંધકામ વિભાગમાં ૩૧ વર્ષની વયે નાયબમંત્રી બન્યા હતા. ૧૭મી માર્ચ-૧૯૭૩ના રોજ ચીમનભાઈ પટેલની સરકારમાં તેઓ સમાજકલ્યાણ, નશાબંધી અને ગ્રામગૃહ નિર્માણ મંત્રી બન્યા હતા.

૨૪મી ડિસેમ્બર-૧૯૭૬થી માધવસિંહ સોલંકીની સરકારમાં તેઓ સંચિઇ, આદિજાતિ વિકાસ અને વનમંત્રી હતા તથા ફટ્ટી જુલાઈ-૧૯૮૫ થી ૯મી ડિસેમ્બર-૧૯૮૯ સુધી તેઓ ગુજરાતના મુખ્યમત્રી બન્યા હતા. તેઓ ચોથી, પાંચમી, છટ્ટી, સાતમી, નવમી અને દસમી વિધાનસભાના સભ્ય તરીકે રજ્ઞા છે.

અમરસિંહ ચૌધરીના મુખ્યમંત્રી તરીકેના સમયમાં રાજયમાં સતત ત્રણ વર્ષ સુધી સતત દુષ્કાળની પરિસ્થિતિ સર્જાઈ હતી. તેઓએ આ પરિસ્થિતિનો સફળતાપૂર્વક સામનો કર્યો હતો. રાજકોટ જેવા વિસ્તારમાં જયાં પાણીની ખૂબ જ તંગી ઉભી થઈ હતી ત્યાં ગાંધીનગર તથા હળવદથી ટ્રેન તથા ખટારાઓ દ્વારા પાણી મોકલી -જાની હાડમારીમાં તેઓ મદદરૂપ થયા હતા. તેમના વહીવટમાં તેમના માટે આ કામગીરી મોરપિચ્છ સમાન બની રહી છે.

માધવસિંહ સોલંકીની સરકારમાં તેઓ ગૃહમંત્રી હતા અને તે વખતે અનામત આંદોલનો થયા હતા. અમદાવાદમાં કોમી રમખાણોની શરૂઆત થઈ હતી. આ અરસામાં રથયાત્રાનો સમય આવતાં તેઓએ તકેદારીના પગલાં તરીકે રથયાત્રા નહી કાઢવા જગન્નાથના મંદિરના વહીવટદારો સાથે ચર્ચા વિચારણા કરી હતી અને તે દિવસે સતત પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હતો, પરંતુ તે દિવસે મંદિરના બંધ દરવાજા હાથીઓ દ્વારા ખોલાવી તથા પોલીસના વાહનો હાથીઓ દ્વારા હટાવી રથયાત્રા શરૂ કરવામાં આવી હતી.

પાટનગરમાં મુખ્યમંત્રી હાજર ન હતા. ખોટો સંઘર્ષ ટાળવા તથા -જાના જાનમાલની સલામતી માટે સમયસૂચકતા વાપરી તેઓએ રથયાત્રા આગળ વધવા દીધી હતી. તેમ છતાં સાંજના સમયગાળામાં રથયાત્રા પર હૂમલો થતાં તેઓએ રથયાત્રાને પૂરતા સંરક્ષણ હેઠળ જગન્નાથના મંદિર સુધી પહોંચે તેવી તકેદારી રાખી તોફાની તત્વો સામે કડક કામગીરી કરી હતી. આ પણ તેઓના શાસન દર વિધાનની વિશિષ્ટ કામગીરીઓ છે.

ગુજરાતની ભૂમિના રાજા

- ગૌતમ પુરોહિત

ગુજરાતમાં તોફાનો વધતાં માધવસિંહ સોલંકીએ ફટ્ટી જુલાઈ-૧૯૮૫ના રોજ મુખ્યમંત્રી તરીકે રાજીનામું આપતાં ખૂબ જ વિષમ પરિસ્થિતિમાં તેઓ પર મુખ્યમંત્રીપદનો કળશ ઢોળાયો હતો. આ સાથે અનામત આંદોલન પુરજોશમાં ચાલતું હતું. તેઓએ વલ્લભાઈ પટેલ અને અરર્વાદ સંઘવીના -મુખપદે બે સમિતિઓ નિમી વાટાઘાટો દ્વારા આ આંદોલનને સમાવ્યું હતું.

તેઓએ ખૂબ જ સમજપૂર્વક ઉત્કર્ષમંડળના નેતાઓને તથા અનામત નીતિ વિરોધી નેતાઓને સમજાવી સમાધાન કર્યું હતું. આ સમયગાળામાં અનામત વિરોધી આંદોલનાં સરકારી કર્મચારીઓ ૭૩ દિવસોની અભૂતપૂર્વ હડતાલ પર ઉતર્યા હતા. હડતાલ દરમ્યાન કામ કરાનારાઓને એક માસનો વધારાનો પગાર અને હડતાલ પર જનારાને સમાજવીઁ ઝોન ઓફ કન્સીડરેશન ની જોગવાઈ કરી એકસાથે વદ્યુ બઢતી રોસ્ટર -થાની નીચે ન મળે તેવું નક્કી કરી આંદોલનની સમાઝિ કરાવી હતી.

દરમિયાન અનામત આંદોલન કોમી રમખાણમાં પલટાઈ ગયું હતું. આ આંદોલનને સખત હાથે દાબવા માટે તેઓએ મુંબઈના -ખ્યાત પોલીસ કમિંર રીબેરોને રાજયના પોલીસ વડા તરીકે નિમ્યા હતા. તેઓની ધાક અને અસરકારક પગલાંથી કોમી રમખાણો પર તાત્કાલિક અંકુશ આવી ગયો હતો. તોફાનો શરૂ થયાં ત્યારે રાજયના પોલીસ વડા તરીકે વી.ટી.શાહ હતા પરંતુ તે ગાળામાં -ધાનમંત્રી રાજયની મુલાકાતે આવતા અને તેઓને અમુક તત્વોને ખોટી સલાહ આપતાં રજૂઆતો કરતાં વી.ટી.શાહને રાજયના પોલીસ વડા તરીકે દૂર કરવા માટે દબાણ થતાં, તેઓએ -થમ વખત સલાહકારનો નવો હોદ્દો ઉભો કરી શાહને ગૃહ વિભાગમાં સલાહકાર તરીકે નિમી તેઓના ન્યાયી અને ઉદાર વલણનો ગુજરાતને પરિચય કરાવ્યો હતો.

તેઓના વખતમાં રાજયના ત્રીજા પગારપંચનો અહેવાલ આવ્યો હતો. આ અહેવાલ સરકાર સ્વીકારે તો રાજયની તિજોરી પર ખૂબ જ મોટો નાણાકીય બોજો આવતો હતો. દરમિયાન કેન્દ્ર સરકારના ચોથા પગારપંચનો અહેવાલ આવતાં અને તુલનાત્મક અભ્યાસ કરતાં રાજયને કરોડો રૂપિયાનો ફાયદો કેન્દ્રના પગારપંચની ભલામણો સ્વીકારતા થાય છે તે જોતાં વિરોધ વચ્ચે કેન્દ્ર સરકારના પગારપંચની ભલામણો રાજય સરકારના કર્મચારીઓને લાગુ કરી દીધી. જો કે તેમની તળપદી ભાષાનો ઉપયોગ એવો થઈ શકે કેઁ અમરસિંહે કડલી આપી કડું કાઢી લીદ્યુંઁ. આ પરિસ્થિતિનો ખ્યાલ કર્મચારી નેતાઓને છેતરાયા પછી આવ્યો હતો. મુખ્યમંત્રી બનતાં તુરત જ તેઓએ મુખ્ય સચિવ તથા રાજયના પોલીસવડાને બદલી રાજયના વહીવટીતંત્રને ગતિમાન કર્યું હતું. તેઓના સમયગાળામાં રાજયમાં પોલીસ કર્મચારીઓની અભૂતપૂર્વ હડતાલ પડી હતી. આ હડતાલનો પણ તેઓએ ખૂબ જ સ્વસ્થતાથી તથા સમજદારીપૂર્વક સામનો કર્યો હતો.

તેઓએ જે પગલાં લેવા ધારેલા તેની સાથે કેન્દ્રના ગૃહમંત્રી સંમત ન હતા. તેઓને ખૂબ જ ઝનૂનપૂર્વક તેઓએ પોતાના વિરોધો જણાવી સંમત કર્યા હતા. -ધાનમંત્રી ત્યારે પરદેશ ગયા હતા. તે વખતના ગૃહમંત્રી બુટ્ટા સિંદ્યે ચૌધરીના જણાવ્યા અનુસાર ટકોર કરી હતી કેઁ -ઇમ મિનિસ્ટર યહાં નહીં હૈ અગર આપકા પ્લાન ફેઈલ હો જાયેગા તો હમ સબ લોગ ખતમ હો જોયેંગેઁ. ત્યારબાદ તેઓએ પોતાના બધા જ સ્થાનિક કાર્યક્રમોમાં હાજરી આપી રાત્રે બધી જ વ્યવસ્થા ગોઠવી દીધી હતી. તેમણે પોલીસના શસ્ત્રાગાર પર ખાસ ઝીણવટભરી વ્યવસ્થા ગોઠવી અને ૧૧ પોલીસ અમલદારોને નોકરીમાંથી દૂર કર્યા. પોલીસ એસોસિએશનની માન્યતા રદ કરી. જોકે આમ -જાએ આ પગલાંને ખૂબ જ સાથ આપી સારો -તિભાવ આપતાં હડતાલનો સુખદપૂર્વક અંત આવ્યો હતો.

તેઓએ રાજયની મહિલા -સૂતા કામદારોને બે માસ માટે માસિક ૫૦૦ રૂપિયાની મદદ આપવાની યોજના અમલમાં મુકી હતી. એટલું જ નહી આશ્રમશાળાઓ સ્થાપવાની યોજના પણ અમલમાં મુકી હતી. તેઓના મુખ્યમંત્રીપદના સમયગાળામાં નર્મદા યોજનાની કેન્દ્ર સરકારે સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી. આ બાબત પણ તેમના માટે ગૌરવ-દ હતી. સાનુકૂળ સંજોગો મળતાં તેમણે ગુજરાતમાં ૧૬૧૭ દિવસ સુધી રાજ કર્યું હતું.

અમરસિંહ ચૌધરી એક ખૂબ જ ઉમદા વ્યકિતત્વ ધરાવનાર વ્યકિત હતા. તેઓને કોઈપણ વ્યકિત રોકટોક વગર મળી શકતી હતી. એક વખત વિધાનસભામાં કોઈએ ટકોર કરી હતી કે ચૌધરી મુછો રાખતા ન હોવાથી કોઈને તેમની બીક લાગતી નથી. તેઓએ રમૂજમાં -ત્યુત્તર પાઠવેલો કે મુછો રાખવાથી જ રાજય થતું હોય તો બધા મુખ્યમંત્રી મુછો રાખતા હોત. રાજય મુછથી નહી બુદ્ધિથી ચલાવવાનું હોય છે. (ક્રમશઃ)